ISSN: 2319-202X

# પ્રાથમિક શિક્ષણમાં અધ્યયન- સંપ્રાપ્તિ (લર્નિંગ આઉટકમ)

ડો સુરેશ મકવાણા
સહાયક પ્રાધ્યાપક, ક્ષેત્રીય શિક્ષા સંસ્થાન, શ્યામલા હિલ્લ્સ,ભોપાલ (MP)
મો.૯૮૨૬૮૧૫૭૨૦ Email:- skmakwana74@gmail.com

ભારતીય બંધારણમાં સૂચિત શિક્ષણનો હક્ક અને 'શિક્ષણનો અધિકાર, ૨૦૦૯ અનુસાર પ્રાથમિક સ્તર પર છ થી ચૌદ વર્ષનાં દરેક બાળકને મફત અને ફરજીયાત તથા ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે એવી સાર્વત્રિક વ્યવસ્થા થવી જોઈએ. પરંતુ વાસ્તવિકતા હજી ઘણી અલગ છે. આઝાદીને સિત્તેર વર્ષ પૂરા થવા આવ્યા છે. છતાં પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા તો દુર જે તે વિષયમાં વિદ્યાર્થીઓ કેટલું સમજે છે, કેટલું શીખે છે એય હજી સ્પષ્ટ થયું નથી. દેશમાં અમુક રાજ્યોને બાદ કરતાં મહત્તમ ભાગમાં ગુણવતાની કમી વર્તાય છે. આ સંદર્ભમાં એન. સી. ઈ. આર. ટી, નવી દિલ્હી દ્બારા 'લર્નિંગ આઉટકમ' નામની સમીક્ષાત્મક માર્ગદર્શિકા પ્રકાશિત થઇ છે. ગુજરાતમાં જીસીઈઆરટી એ પણ આવી જ માર્ગદર્શિકા બહાર પાડી છે. દેશ અને રાજ્યમાં આથી પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ફરી એક વાર કેળવણીકારો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે અભિભાવકોમાં ચર્ચા ચાલી નીકળી છે.

એન.સી.એફ -૨૦૦૫ અનુસાર શીખનારના સર્વાંગી વિકાસ માટે વ્યવહારલક્ષી અને ગુણવત્તાયુક્ત શિક્ષણની આવશ્યકતા પડે છે. દરેક બાળકના વ્યક્તિગત વિકાસ માટેની વ્યવસ્થા થવી જરૂરી છે. આરટીઈ એક્ટ-૨૦૦૯ પ્રમાણે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કાર્યક્રમ અમલી બન્યો હતો. તે મુજબ દરેક બાળકની શિક્ષણ સમજ, સંવેગિક વિકાસ, શીખવાનાં બિંદુઓનું આકલન કરવું અને પ્રાયોગિક કાર્યક્ષમતામાં વિકાસ કરવાનું નક્કી થયું હતું. આ સંદર્ભમાં એન.સી.ઈ.આર.ટી. દ્બારા ઉપચારાત્મક અભિગમ પછી અધ્યયન માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી. આ સાથે ગુજરાતમાં જીસીઈઆરટી પણ અધ્યયન નિષ્પત્તિ નામે આમુખ બહાર પાડયો છે. આ બન્ને પેકેજ શિક્ષણમાં કેવું અને કેટલું શીખવાનું છે, અને કેવી રીતે શીખવાનું છે? એ બાબત પર પ્રકાશ પાથરે છે. જેમાં સીસીઈ પ્રમાણે ઉદાહરણો સહીત માર્ગદર્શન આપેલું છે. વર્તમાનમાં શિક્ષણ પ્રક્રિયા ખૂબ સંકુલ બની ગઈ છે. વિદ્યાર્થીઓ પાસે જ્ઞાનનો ખજાનો હાથવેત બન્યો છે. શિક્ષકનું કાર્ય શિક્ષણ આપવાનું નાં રહેતા માર્ગદર્શકનું બનતું જાય છે. કારણકે વર્ગમાં જે વિષય કે શિક્ષણબિંદુ શીખવવાનું છે એ વિશે બાળકો ટેકનોલોજી અને ઈન્ટરનેટનાં સહારે જાણકારી મેળવી લે છે. ત્યારે શિક્ષકની ભૂમિકા વિશે વિચાર કરવો જરૂરી છે. વિદ્યાર્થીઓ, અભિભાવકો અને કેળવણીકારો સાથે શિક્ષકોએ પણ શિક્ષણમાં મહત્વના વિષયો અને એમાં ય મહત્વના શિક્ષણ

બિંદુઓથી માહિતગાર થવાનું છે. વર્ગખંડની શિક્ષણ પ્રક્રિયા કેટલી અસરકારક છે એનું માપન અને વિશ્લેષણ કરવાનું છે. એ માટે સ્પષ્ટ આધાર તરીકે અધ્યયન સંપ્રાપ્તિ માર્ગદર્શિકા મદદરૂપ નીવડી શકે એમ છે.

શિક્ષણની સમસ્ત પ્રક્રિયા અને પાઠ્યક્રમને ધ્યાનમાં રાખીને આ પેકેજ વિકસાવવામાં આવ્યું છે. શિક્ષણ વ્યવહારના અંતે અપેક્ષિત સમજની નિષ્પત્તિ થવી જોઈએ. આ પેકેજમાં વર્ગ એક થી આઠ સુધીના વિષયોને આવરી લીધા છે. જેમાં ભાષા, વિજ્ઞાન, ગણિત,સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ, હિન્દી અને અંગ્રેજી મુખ્યત્વે છે. રાષ્ટ્રની પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થા સાથે રાજ્ય, જીલ્લાઓ અને બ્લોક સ્તરે થયેલા અનેક સર્વે અને સંશોધનને આધારે આ માર્ગદર્શિકા તૈયાર થઇ છે.

**'લર્નિંગ આઉટ કમ-'અધ્યયન સંપ્રાપ્તિ'ની મહત્વની વિગતો:**

આ માર્ગદર્શિકા સરળ અને સામાન્ય ભાષામાં લખાઈ છે જેથી તે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ સરળતાથી સમજીને એનો ઉપયોગ કરી શકે.

- વિષયવાર અલગથી લર્નિંગ આઉટકમની ચર્ચા કરવામાં આવી છે. પાઠ્યક્રમ અનુસાર દીર્ઘકાળના લક્ષ્ય નિર્ધારિત કરેલા છે. તે મુજબ વિષયવાર સ્પષ્ટ સમજ આપવામા આવી છે.
- બાળકના સર્વાંગી વિકાસ માટે ગુણવત્તા યુક્ત અને વ્યવહારલક્ષી શિક્ષણ પ્રક્રિયા થાય અને સાથે સાથે વર્ગદીઠ કરવામાં આવતી વિષયના મુખ્ય મુદ્દાઓની ઉચિત સમજ અને અર્થગ્રહણની નિષ્પત્તિ અથવા નીપજ માટે સરળ ગતિવિધિઓ સાથે સમગ્ર પ્રક્રિયા થાય એવી બાબતોનો માર્ગદર્શિકામાં સમાવેશ થયો છે. અહી શિક્ષકોને ઉપયોગી થાય એવી પદ્ધતિઓ અને શીખવા માટેના વાતાવરણનું નિર્માણ કરવાનો દિશાનિર્દેશ પણ આપ્યો છે.
- રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ થયેલા આ પ્રયત્નથી પ્રાથમિક શિક્ષણમાં નવોન્મેશી અભિગમ સ્થાપિત કરવામાં સહાયતા થશે. વિષયના શિક્ષણ પ્રત્યે એક નવીન દ્રષ્ટિકોણ પ્રાપ્ત થઇ શકશે. અહી વિષયના સામાન્ય હેતુથી લઈને શિક્ષણ અનુભવો પ્રાપ્ત કરવા ભિન્ન ભિન્ન પદ્ધતિઓ અને શીખવાની પરિસ્થિતિના નિર્માણની સંદર્ભ સામગ્રીનો ઉલ્લેખ થયો છે. સમજ,અર્થ ગ્રહણ,વયક્તિક અભિવ્યક્તિ ,જ્ઞાનનો ઉપયોગ અને સર્જનાત્મકતા જેવાં વિવિધ બૌદ્ધિક તત્વોને વિષય પ્રમાણે સમજી તાર્કિક ચિંતન સાથે કલ્પનાશીલતાનાં વિકાસ માટેનાં શિક્ષણ અનુભવોની ચર્ચા કરી છે.

- હકીકતમાં જયારે પાઠ્ય પુસ્તકોનું નિર્માણ થાય છે ત્યારે વિષયવસ્તુની ગોઠવણી ઉચિત ક્રમમાં હોતી નથી. શીખનારને પહેલાં શું શું શીખવાનું છે તે એ પાઠ્ય પુસ્તકોના લેખકો કે સંપાદકો નિર્ધારિત કરી શકતા નથી. દા.ત. ભાષા ક્યારે શીખવાડવી શરુ કરાય ? કવિતા અને સાહિત્ય શીખવા માટેનો સમય કયો હોઈ શકે? વ્યાકરણ શિક્ષણ કયા વર્ગથી શરુ કરવું જોઈએ ?એવા પ્રશ્નો ચિંતનીય છે. આ માટે પ્રકાશિત માર્ગદર્શિકા મદદ કરે છે.
- વ્યક્તિગત રીતે દરેક વિદ્યાર્થીની શીખવાની ક્ષમતા અલગ અલગ ઉમરે ભિન્ન હોય છે. અને કોઈ પણ એમની ક્ષમતાથી સુપેરે પરિચિત નથી. તેથી તેઓ પોતાની ભાષા, પોતાનાં અનુભવો અને સમાજના વ્યવહારમાંથી પ્રાપ્ત સમજને લઈને વિદ્યાલયમાં આવે છે. તેઓ અપરોક્ષ રૂપે ભાષા, વ્યાકરણ અને સંવાદ-ચર્ચાથી સભાન હોય છે. શબ્દભંડોળની રીતે પણ અસંખ્ય શબ્દો જાણે છે અને સમજે પણ છે. પરંતુ વ્યાકરણ અને ધ્વનિ-સંકેતોના સૈધ્ધાંતિક પાઠથી અજાણ હોય છે. નિયમો, લિપિ ચિન્હો, સંકલ્પનાઓ સાથે વૈજ્ઞાનિક વ્યાખ્યાઓથી અપરિચિત હોય છે. આ સંદર્ભે અધ્યયન માર્ગદર્શિકામાં નિર્દેશિત મહત્વનાં શિક્ષણ બિંદુઓને શિક્ષકે સમજી વર્ગમાં બાળક પાસે જવાનું છે. બાળકને સર્વસ્વ શીખવી દેવાનું નથી. પરંતુ પાઠમાં કઈ વસ્તુ એના સ્તર મુજબ અગત્યની છે એની જ ચર્ચા કરવામાં આવે એ ઈચ્છનીય છે.અહીં એક ઉદાહરણ દ્વારા સમજીએ.

પ્રાથમિક કક્ષાએ શરૂઆતના વર્ગોમાં ભાષાના ચાર કૌશલ્યો પર વધારે ધ્યાન આપવાનું છે. શ્રવણ(અર્થગ્રહણ), બોલવું (ઉચ્ચારણ), વાંચવું (વર્ણ,સ્વર,ધ્વનિ-વ્યંજનને ઉચિત રીતે )અને લેખન પર વિવિધ પ્રયુક્તિઓ દ્વારા બાળકના પુર્વાનુભવ આધારિત શિક્ષણ પ્રક્રિયાનું નિર્માણ કરવાનું છે. એજ રીતે કલ્પનાશીલતા, સંવેદના , અભિવ્યક્તિ, અર્થભેદ,વ્યાકરણ, કવિતા અને સાહિત્ય જેવા મુદ્દા ક્રમશ: લેવા જોઈએ. વિદ્યાર્થીએ સાંભળેલી, વાંચેલી અને જોયેલ ઘટનાઓને આધારે પાઠમાં આવતા કૌશલ્યના મુદ્દાનાં સંદર્ભમાં ચિંતન, વિચાર, ટીપ્પણી વગેરે કરી શકાય . એજ રીતે અંગ્રેજી અને હિન્દી ભાષાનાં અધ્યયન બિંદુઓને સમજી શકાય.

અધ્યયન સંપ્રાપ્તિ માર્ગદર્શિકા એ એક રીતે અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયાને સ્પષ્ટ રીતે તારવી આપે છે. વર્ગખંડમાં કઈ બાબતને સ્પર્શીને વિદ્યાર્થીઓ પાસે મુકવાની છે એનો દિશાનિર્દેશ કરે છે. જીસીઈઆરટી અને એનસીઈઆરટી ની માર્ગદર્શિકાને તુલનાત્મક રીતે જોવી રહી. અધ્યયનની સમજ અને સર્વાંગી તપાસ પર કેન્દ્રિત આ મોડ્યુલ શિક્ષણ પ્રક્રિયાને નવું જોમ આપશે. શિક્ષણમાં નવાચાર અને ટેકનોલોજીનો વિનિયોગ કરી આપવામાં આ કાર્ય સાર્થક નીવડી શકે તેમ છે.